# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
## સત્સંગ શિક્ષણ પરીક્ષા

**ઉકેલ પત્ર : સત્સંગ પ્રાજ્ઞ - પ્રથમખંડ**

**પ્રશ્નપત્ર-૧**

(સમય : સવારે ૯ થી૧૨) રવિવાર, ૫ જુલાઈ, ૨૦૦૯ કુલ ગુણ : ૧૦૦

**અભ્યાસક્રમના વચનામૃત :** ગ.પ્ર.-૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૪, ૨૭, ૩૭, ૪૪, ૪૭, ૫૦, ૬૦, ૬૭, ૬૮, ૭૧, ૭૬, સારંગપુર-૭, પંચાળા-૩, ૭.

**વભાગ-૧ 'વચનામૃત' નવમી આવૃતિના આધારે)**

**પ્ર.૧ નીચે આપેલાં સૈધ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષયમાંથી કોઈ પણ ત્રણ ઉપર મુદ્દાસર નોંધ લખો. (કુલ ગુણ : ૨૧)**

**☞ નોંધ :- જવાબોની સમજૂતી માટે નીચેના મુદ્દાઓની આવશ્યકતા.**

| | | |
|---|---|---|
| ૧. | પરોક્ષ શાસ્ત્રોનું પ્રમાણ, પરોક્ષના ભક્તોના કીર્તન / શ્લોક અથવા સાખી | ૧ ગુણ |
| ૨. | શ્રીજીમહારાજના વચનામૃત અથવા સ્વામીની વાતુના પ્રમાણ | ૧ ગુણ |
| ૩. | નંદ પંક્તિનાં કીર્તનો અથવા ગુરુ પરંપરાના કીર્તનો - સાખી અથવા આપણા અન્ય શાસ્ત્રો | ૧ ગુણ |
| ૪. | ઉપરના સંદર્ભો વધુ સ્પષ્ટ કરતાં પ્રસંગો અથવા દૃષ્ટાંતો બે કે તેથી વધુ. | ૩ ગુણ |
| ૫. | પ્રગટ સત્પુરુષના અનુસંધાન સાથે ઉપસંહાર. | ૧ ગુણ |
| ૬. | આપનો નિર્ણય આખરી ગણાશે. | |

**૧. 'પંચ ઈન્દ્રિયો દ્વારે જીવ જે આહાર કરે છે તે આહાર શુદ્ધ કરશે તો અંતઃકરણ શુદ્ધ થશે.' (પ્ર.૧૮)**

જ. પંચ ઈન્દ્રિયો દ્વારે જીવ જે આહાર કરે છે. તે આહાર જો શુધ્ધ કરશે તો અંતઃકરણ શુધ્ધ થાશે. અને અંતઃકરણ શુધ્ધ થાશે તો અખંડ ભગવાનની સ્મૃતિ રહેશે અને જો પંચ ઈન્દ્રિયોના આહારમાંથી એક ઈન્દ્રિયનો આહાર મલિન થાય છે. તો અંતઃકરણ પણ મલિન થઈ જાય છે, માટે ભગવાનના ભક્તને ભગવાનના ભજનમાં જે કોઈ વિક્ષેપ થઈ આવે છે. તેનું કારણ તો પંચ ઈન્દ્રિયોના વિષય જ છે, પણ અંતઃકરણ નથી.

**૨. વાસના રહિત વર્તવું એ એકાંતિકનો ધર્મ છે. (પ્ર.૬૦)**

જ. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ જે પંચવિષય તેને વિષે જેટલી પોતાને તૃષ્ણા હોય તેનો વિચાર કરવો જે, 'મારે જેટલી ભગવાનને વિષે વાસના છે તેટલી જ જગતને વિષે છે કે ઓછી-વધુ છે ?' તેની પરીક્ષા કરવી. ને જેટલી ભગવાનની વાત સાંભળવામાં શ્રોત્ર ઈન્દ્રિય લોભાતી હોય તો એમ જાણવું જે, 'ભગવાનમાં ને જગતમાં બરોબર વાસના છે.' એવી જ રીતે તપાસ કરતો કરતો જગતની વાસનાને ઘટાડતો જાય ને ભગવાનની વાસનાને વધારતો જાય તેણે કરીને એને પંચવિષયને વિષે સમબુદ્ધિ થઈ જાય છે. ને સમબુદ્ધિ થયા પછી નિંદા ને સ્તુતિ સરખાં લાગે અને સારો સ્પર્શ ને ભૂંડો સ્પર્શ સરખો લાગે; તેમ જ સારું રૂપ ને ભૂંડું રૂપ તથા બાળ, યુવાન ને વૃદ્ધ એવી જે સ્ત્રીઓ તથા કચરો ને કંચન એ સર્વે સરખું ભાસે; તેમ જ સારા ને ભૂંડા જે રસ ને ગંધ તે પણ સરખા ભાસે; એવી રીતે સ્વાભાવિકપણે વર્તાય ત્યારે જાણીએ જે વાસના જિતાણી. અને વાસનારહિત વર્તવું એ એકાંતિકનો ધર્મ છે.

**૩. કુશાગ્ર બુદ્ધિનું. (પ્ર. ૫૦)**

જ. જે કલ્યાણને અર્થે જતન કરે છે ને તેની બુદ્ધિ થોડી છે. તો પણ તે કુશાગ્રબુદ્ધિવાળો છે. અને જગત વ્યવહારની કોરે સાવધાન થઈને મંડ્યો છે ને તેની બુદ્ધિ અતિ ઝીણી છે તો પણ તે જાડી બુદ્ધિવાળો છે. ગીતાનો શ્લોક યા નિશા સર્વભૂતાનાં ........

**૪. 'મારી અષ્ટ પ્રકારની જે પ્રતિમા તથા જે સંત તેને વિષે હું અખંડ નિવાસ કરીને રહું છું.' (પ્ર.૬૮)**

જ. તે પરમેશ્વરે પોતાની આજ્ઞાએ કરીને જે મૂર્તિ પૂજવા આપી હોય તે મૂર્તિ અષ્ટ પ્રકારની કહી છે; તેમાં પોતે સાક્ષાત્ પ્રવેશ કરીને વિરાજમાન રહે છે. તે મૂર્તિને જે ભગવાનનો ભક્ત પૂજતો હોય ત્યારે જેમ પ્રત્યક્ષ ભગવાન વિરાજતા હોય અને તેની મર્યાદા રાખે તેમ તે મૂર્તિની પણ રાખી જોઈએ, અને તેમ જ સંતના હૃદયમાં ભગવાનની મૂર્તિ રહી છે તે સંતની પણ મર્યાદા રાખી જોઈએ. તે તો એ ભક્ત લેશમાત્ર રાખતો નથી અને તે મૂર્તિને તો ચિત્રામણની અથવા પાષાણાદિકની જાણે છે અને સંતને બીજા માણસ જેવા જાણે છે. અને ભગવાને તો શ્રીમુખે એમ કહ્યું છે જે, 'મારી અષ્ટ પ્રકારની જે પ્રતિમા તથા જે સંત તેને વિષે હું અખંડ નિવાસ કરીને રહું છું.'

**૫. મનોમય ચક્રનું દૃષ્ટાંત અને સિદ્ધાંત. (સા.૭)**

જ. ''તેમ જયારે મનોમન ચક્રની ધારા જે ઈન્દ્રિયો તે બુઠિયો થઈ જાય ત્યારે ગમે તેવા શ્રેષ્ઠ વિષય હોય તેમાં પણ ઇન્દ્રિયોની વૃત્તિ ચોંટે નહિ અને થોથાની પેઠે ઇન્દ્રિયો વૃત્તિઓ પાછી હઠે, એવું વર્તાય ત્યારે જાણીએ જે મનોમય ચક્રની ધારા કુંઠિત થઈ ગઈ. એવું સંતના સમાગમરૂપી નૈમિષારણ્ય ક્ષેત્ર જયાં દેખાય ત્યાં કલ્યાણને ઈચ્છવું અને ત્યાં અતિદૃઢ મન કરીને રહેવું.''

**પ્ર.૨ નીચે આપેલાં અવતરણોની પૂર્તિ કરો અને વચનામૃતનો ક્રમાંક ટાંકો. (કુલ ગુણ : ૧૫)**

> **☞ નોંધ :(૧) વચનામૃત અવતરણની પૂર્તિના ૨½ ગુણ અને વચનામૃત ક્રમાંકનો ½ ગુણ.**
> **(૨) વચનામૃત ક્રમાંક સાથે આપેલા આંકડા અવતરણ નંબર છે. જે પરીક્ષાર્થીએ લખેલા હોવા જરૂરી નથી.**

૧ 'આત્મનિષ્ઠા તો હોય પણ જો શ્રીહરિને વિષે પ્રીતિ ન હોય તો તે પ્રીતિએ કરીને થઈ જે શ્રીહરિની પ્રસન્નતા તેણે કરીને જ પામવા યોગ્ય એવું મોટું ઐશ્વર્ય જે 'માયાના ગુણે કરીને પરાભવ ન પમાય એવું મોટું સામર્થ્ય' તેને એ ભક્ત નથી પામતો.' (ગ.પ્ર.૧૯) (૭)

૨ 'માટે આપણા સત્સંગી સર્વેને તો એમ જ નિશ્ચય કરવો જે 'આપણે પણ એ અક્ષરરૂપ જે મુક્ત તેની પંક્તિમાં ભળવું છે અને અક્ષરધામમાં જઈને અખંડ ભગવાનની સેવામાં હજૂર રહેવું છે પણ નાશવંત ને તુચ્છ એવું જે માયિક સુખ તેને ઈચ્છવું નથી ને એમાં કોઈ ઠેકાણે લોભાવું નથી.' એવો દૃઢ નિશ્ચય રાખીને નિરંતર ભગવાનની એકાંતિક ભક્તિ કરવી.' (પ્ર. ૨૧) (૧૨)

૩ 'આવી સમજણ હોય તેના હૃદયમાં ભગવાન સર્વ પ્રકારે નિવાસ કરીને રહે છે તેની વિગત જે પૂર્વે જે જે અનંત પ્રકારનાં આશ્ચર્ય થઈ ગયાં છે તથા હમણાં જે થાય છે તથા આગળ થશે તે સર્વે મને મળ્યા એવા જે પ્રત્યક્ષ ભગવાન તે વતે જ થાય છે એમ સમજે.' (ગ.પ્ર. ૨૭) (૧૭)

૪ 'પરમેશ્વરની વાતમાં લેશમાત્ર સમજતો જ નથી માટે મને ધિક્કાર છે.' એવી રીતે અનુતાપ કરે અને મોટા પુરુષનો ગુણ ગ્રહણ કરે અને પોતાના અવગુણ ગ્રહણ કરીને અનુતાપ કરે. પછી એમ ને એમ પરિતાપ કરતે કરતે એના હૃદયને વિષે વૈરાગ્ય ઊપજે અને પછી તેમાં સત્પુરુષના જેવા ગુણ આવે છે.' (ગ.પ્ર. ૬૭) (૨૫)

૫ 'તેમ એ ઈન્દ્રિયો-અંતઃકરણને પંચવર્તમાનના નિયમરૂપ જે પાંજરું તથા બેડી તેમાં રાખીને ભગવાનની ભક્તિ કરાવવી પણ એને વિષે ગુણ ન લેવો, શત્રુભાવ જ રાખવો. અને જો એમને ભક્તિમાં ઉપયોગી માનીને હેતુ માને ને એનો ગુણ લે તો ભગવાનનાં દર્શન-સ્પર્શનાદિકને વિષે સુખ મનાવતે થકે જો સ્ત્રિયાદિકને વિષે કાંઈક સુખ મનાવી દે તો એનું કર્યું-કરાવ્યું સર્વે વ્યર્થ થઈ જાય.' (પંચાળા : ૩) (૩૧)

**પ્ર.૩ નીચે આપેલાં વિષયોમાંથી કોઈ પણ એક ઉપર અભ્યાસક્રમના વચનામૃતનો ક્રમાંક નોંધી બે અવતરણો લખો. (કુલ ગુણ : ૪)**

> **☞ નોંધઃ (૧) વચનામૃત અવતરણના ૧½ ગુણ અને વચનામૃત ક્રમાંક - ½ ગુણ.**
> **(૨) અવતરણના અંતે કૌંસમાં આપેલા આંકડા અવતરણ નંબર છે. જે પરીક્ષાર્થીએ લખેલા હોવા જરૂરી નથી.**

**૧. સત્સંગ : (૧) (ગ.પ્ર. ૨૦)** 'જેને સત્સંગ થયો છે તેને તો પોતાના જીવાત્માનું દર્શન પોતાના હાથમાં જ છે. જે ભગવાનના પ્રતાપને વિચારીને અંતર્દષ્ટિ કરે છે તે તો પોતાના સ્વરૂપને અતિશય ઉજ્જવળ પ્રકાશમાન જુએ છે અને તે પ્રકાશને મધ્યે પ્રત્યક્ષ એવા પુરુષોત્તમ ભગવાન તેની મૂર્તિને જુએ છે અને નારદ સનકાદિક જેવો સુખિયો પણ થાય છે. માટે હરિભક્તને તો જેટલી કસર રહે છે તેટલી પોતાને આળસે કરીને રહે છે.' (૮) **(૨) (ગ.પ્ર. ૨૪)** 'જ્યારે કોઈ હરિભક્તનો દોષ નજરમાં આવે ત્યારે એમ સમજવું જે 'આનો સ્વભાવ તો સત્સંગમાં ન ઘટે એવો છે તોય પણ એને જો સત્સંગ મળ્યો છે અને એ જો જેવો તેવો છે તોય પણ સત્સંગમાં પડ્યો છે તો એનો પૂર્વજન્મનો અથવા આ જન્મનો સંસ્કાર ભારે છે તો આવો સત્સંગ મળ્યો છે.' એમ સમજીને તેનો પણ અતિશય ગુણ લેવો.' (૧૬) **(૩) (ગ.પ્ર. ૧૮)** 'સત્સંગ થયા મોર તો ગમે તેવો કુપાત્ર જીવ હોય તોય તેને નિયમ ધરાવીને સત્સંગમાં લેવો પણ સત્સંગમાં આવ્યા પછી કુપાત્રપણું રાખે તો બાઈ અથવા ભાઈ જે હોય તેને સત્સંગ બહાર કાઢી મેલવો અને જો ન કાઢે તો એમાંથી ઝાઝું ભૂંડું થાય.' (૪)

**૨. ભગવાનનું સ્વરૂપ : (૧) (ગ.પ્ર. ૭૧)** 'ભગવાન જીવના કલ્યાણને અર્થે જ્યારે મૂર્તિ ધારણ કરે છે ત્યારે પોતાનું જે અક્ષરધામ અને ચૈતન્યમૂર્તિ એવા જે પાર્ષદ અને પોતાનાં જે સર્વે ઐશ્વર્ય તે સહિત જ પધારે છે, પણ એ બીજાના દેખ્યામાં આવે નહિ... માટે ભગવાનના ભક્તને ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત પૃથ્વી ઉપર વિરાજમાન છે એમ સમજવું અને બીજા આગળ પણ એવી રીતે વાર્તા કરવી.' (૨૬) **(૨) (પંચાળા : ૭)** 'ભગવાન તે જીવોના કલ્યાણને અર્થે ને પોતાને વિષે નવ પ્રકારની ભક્તિ જીવોને કરાવવાને અર્થે કૃપા કરીને પોતાની જે સર્વ શક્તિઓ, ઐશ્વર્ય, પાર્ષદ તેણે સહિત થકા જ મનુષ્ય જેવા થાય છે, ત્યારે પણ જે એવા મર્મના જાણનારા છે તે ભગવાનનું સ્વરૂપ અક્ષરધામને વિષે જેવું રહ્યું છે તેવું જ પૃથ્વીને વિષે જે ભગવાનનું મનુષ્ય સ્વરૂપ રહ્યું છે તેને સમજે છે, પણ તે સ્વરૂપને વિષે ને આ સ્વરૂપને વિષે લેશમાત્ર ફેર સમજતા નથી. અને આવી રીતે જેણે ભગવાનને જાણ્યા તેણે તત્ત્વે કરીને ભગવાનને જાણ્યા કહેવાય. ને તેને માયાની નિવૃત્તિ થઈ કહેવાય.' (૩૨) **(૩) (ગ.પ્ર. ૨૪)** 'ભગવાનનું સ્વરૂપ છે તે તો માયા ને માયાના જે ગુણ તે થકી પર છે અને સર્વ વિકારે રહિત છે પણ જીવના કલ્યાણને અર્થે મનુષ્ય જેવા ભાસે છે. તે ભગવાનને વિષે જે અલ્પમતિવાળા છે તે જેવા જેવા દોષ કલ્પે છે તે ભગવાનને વિષે તો એકે દોષ નથી પણ કલ્પનારાની બુદ્ધિમાંથી એ દોષ કોઈ કાળે ટળવાના નહિ.' (૧૪)

**(વિભાગઃ ૨ 'સ્વામીની વાતો' ને આધારે)**

**અભ્યાસક્રમની વાતોના ક્રમાંક :** પ્રકરણ ૩/૧, ૩, ૫, ૭, ૮, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૫, ૧૬, ૧૭, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩

**પ્ર.૪ નીચે આપેલાં પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ : જવાબ આખા વાક્યમાં આપેલ હોવો જોઈએ. નહિ કે શબ્દોમાં. અડધા જવાબના ગુણ આપવા નહીં. પ્રશ્ન સાથે આપેલ અંક પ્રકરણ નંબર અને સ્વામીની વાતોનો નંબર છે.**

૧. શ્રીજીમહારાજની દૃષ્ટિએ ખરેખરા સત્સંગી કોણ છે ? શા માટે ? (૩/૯)

જ. શ્રીજીમહારાજની દૃષ્ટિએ ખરેખરા સત્સંગી પર્વતભાઈ અને ગોરધનભાઈ છે. તેઓ ત્રણે અવસ્થામાં નિરંતર મહારાજને દેખે છે.

૨. ગુણાતીતાનંદ સ્વામીએ બ્રહ્મરૂપ થવાનાં કયાં પાંચ વચનામૃત વંચાવ્યાં ? (૩/૧૩)

જ. પ્રથમનું ત્રેવીસ, મધ્યનું ત્રીસ ને પિસ્તાલીસ, અમદાવાદનું બીજું ને ત્રીજું.

૩. કોને સમજવાનું અને કરવાનું કાંઈ રહે નહીં ? (૩/૧૫)

જ. જેવા મહારાજ છે ને જેવા આ સાધુ છે તેવા જો જણાય તો તેને સમજવાનું ને કરવાનું કાંઈ રહે જ નહિ.

૪. હેમગોપાળ અને બાવના ચંદનને ઠેકાણે શું શું છે ? (૩/૩૦)

જ. હેમગોપાળને ઠેકાણે ભરતખંડ અને બાવના ચંદનને ઠેકાણે મનુષ્ય દેહ છે.

૫. મૂર્ખ અને મૂઢમતિ જીવ ભગવાનને કેવા જાણતા નથી ? (૩/૨૯)

૪. મૂર્ખ અને મૂઢમતિ જીવ છે તે ભગવાનને મનુષ્ય જેવા જાણે છે, પણ અનંત કોટિ જીવોને બ્રહ્મરૂપ કરીને અક્ષરધામમાં લઈ જાય એવા છે, એમ તેને જાણતા નથી, એ અજ્ઞાન છે.

**પ્ર.૫ કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ શોધીને ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૫)**

૧. મુક્તાનંદ સ્વામીએ **સ્વરૂપાનંદ સ્વામી** નો સમાગમ કરવો. (૩/૭)

૨. જેને જેટલું ભૂંડું આચરણ થાય છે **તેટલું અજ્ઞાન** છે. (૩/૧૫)

૩. શ્રીજીમહારાજ રાજી થાય ત્યારે બુદ્ધિયોગ કાં **રૂડા સાધુનો સંગ** આપે છે. (૩/૩૨)

૪. સત્પુરુષમાં હેત, **વિશ્વાસ અને નિષ્કપટપણું** એ બ્રહ્મરૂપ થવાના હેતુ છે. (૩/૩૩)

૫. મહારાજને વિષે અને આ મોટા સંતને વિષે માહાત્મ્યજ્ઞાને સહિત **પ્રીતિ** હોય તે જ સત્સંગ જાળવે છે. (૩/૨૬)

**પ્ર.૬ નીચે આપેલાં વિષયોમાંથી કોઈ પણ એક ઉપર વિસ્તૃત નોંધ લખો. (કુલ ગુણ : ૧૦)**

**☞ નોંધ :- જવાબોની સમજૂતી માટે નીચેના મુદ્દાઓની આવશ્યકતા.**

| | | |
|---|---|---|
| ૧. | પરોક્ષ શાસ્ત્રોનું પ્રમાણ. | ૧ ગુણ |
| ૨. | પરોક્ષના ભક્તોના કિર્તન, શ્લોક અથવા સાખી | ૧ ગુણ |
| ૩. | શ્રીજીમહારાજના વચનામૃત અથવા આપણાં અન્ય શાસ્ત્રોનું પ્રમાણ. | ૨ ગુણ |
| ૪. | સ્વામીની અન્ય વાતોનું પ્રમાણ | ૨ ગુણ |
| ૫. | નંદ પંક્તિના કીર્તનો અથવા ગુરુપરંપરાનાં કીર્તનો, સાખી. | ૧ ગુણ |
| ૬. | ઉપરના સંદર્ભોની વધુ સ્પષ્ટતા કરતા પ્રસંગો અથવા દૃષ્ટાંતો બે કે તેથી વધારે. | ૩ ગુણ |
| ૭. | પરીક્ષકનો નિર્ણય આખરી ગણાશે. | |

**૧. સ્વામીની વાતોમાં સાંખ્યની સમજણ :** (૧) મોટા સાધુની સમજણમાં તો મહારાજની મૂર્તિ વિના પ્રકૃતિપુરુષ સુધી ઢૂંસા જ છે, પણ કાંઈ માલ જણાતો નથી. તમે એટલી ઘડી આવા સાધુનાં દર્શન ને વાતું મૂકીને શી કમાણી કરી ? (૩/૨૨) (૨) મહારાજની મૂર્તિ વિના અને સાધુ વિના પ્રકૃતિપુરુષ સુધી રાખનાં પડીકાં જ છે, તે ગમે તો મૂર્તિને મૂકીને દેવતાના લોકમાં જાઓ ને ગમે તો ઈશ્વર કોટિના લોકમાં જાઓ ને ગમે તો પુરુષ કોટિના લોકમાં જાઓ, પણ મહારાજની મૂર્તિ વિના ને આ સાધુ વિના સુખ કે શાંતિ ક્યાંઈ નથી. એમ કહીને બોલ્યા જે, 'સુરપુર નરપુર નાગપુર એ તીનમેં સુખ નાંહિ; કાં સુખ હરિકે ચરણમેં કાં સંતનકે માંહિ' (૩/૨૮)

**૨. આંચળને વળગે ત્યારે દૂધનું સુખ આવે :** હૃદયમાં ટાઢું કેમ થાય ? ત્યારે સ્વામી બોલ્યા જે, 'ટાઢું તો, તો થાય જે, જેમ ભગવાન સામું જોઈ રહીએ છીએ તેમ જ્યારે મોટા સાધુ સામું જોઈ રહેશું ત્યારે ટાઢું થાશે.' એમ કહીને વળી બોલ્યા જે, જેમ ગાયનું વાછરું હોય તે ગાયના શરીરમાં ગમે ત્યાં થબડકા મારે, પણ દૂધનું સુખ આવે નહિ, તે તો જ્યારે આંચળને વળગે ત્યારે દૂધનું સુખ આવે છે. તે તો દૃષ્ટાંત છે ને સિદ્ધાંત એ છે જે, આ બધો સત્સંગ તો મહારાજનું શરીર છે, પણ જે મોટા એકાંતિક સાધુ છે, તે દ્વારે તો મહારાજ અખંડ રહ્યા છે, તેને વળગે છે ત્યારે તેને મહારાજનું સુખ આવે છે, જેમ ગાયના આંચળમાંથી દૂધ આવે છે તેમ.' (૩/૨૦)

**૩. સ્વામીની વાતોના આધારે શ્રીજીમહારાજનું સર્વોપરીપણું :** (૧) મહારાજ તો ગારડીને ઠેકાણે છે ને તેમની આગળ તો જીવ, ઈશ્વર, પુરષ ને અક્ષરાદિક તે સર્વે હાથ જોડીને ઊભા છે. (૩/૫) (૨) સ્વરૂપાનંદ સ્વામીએ મહારાજને પૂછ્યું જે, 'હે મહારાજ, સત્સંગીકા કેસા કલ્યાણ હોતા હે ? ત્યારે મહારાજ બોલ્યા જે, 'જેસા કલ્યાણ મોટા મોટા અવતારકા હોતા હે તેસા કલ્યાણ સત્સંગીકા હોતા હે !' ત્યારે સ્વરૂપાનંદ સ્વામી બોલ્યા જે, 'ગુરુસાહેબ, તબ તો બહોત બડા કલ્યાણ હોતા હે. (૩/૧૦) (૩) મહારાજને પુરુષોત્તમ જાણ્યા વિના અક્ષરધામમાં જવાય નહિ ને બ્રહ્મરૂપ થયા વિના મહારાજની સેવામાં રહેવાય નહિ. ત્યારે શિવલાલે પ્રશ્ન પૂછ્યો જે, 'પુરુષોત્તમ કેમ જાણવા ? ને બ્રહ્મરૂપ કેમ થવાય ?' ત્યારે કહ્યું જે, 'મહારાજ તો સર્વોપરી ને સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ છે.' તે ઉપર મધ્યનું નવમું ને છેલ્લાનું આડત્રીશમું વચનામૃત વંચાવીને કહ્યું જે, 'આજ તો સત્સંગમાં સાધુ, આચાર્ય, મંદિર ને મૂર્તિયું તે સર્વોપરી છે, તો મહારાજ સર્વોપરી હોય તેમાં શું કહેવું ? એ તો સર્વોપરી જ છે એમ સમજવું. (૩/૧૨) (૪) જીવ બીજે ક્યાંઈયે અટકતો નથી, મહારાજને પુરુષોત્તમ કહેવા તેમાં અટકે છે. પછી રઘુવીરજી મહારાજે પ્રશ્ન પૂછ્યો જે, 'મહારાજનાં ચરિત્ર દીઠાં-સાંભળ્યાં હોય તોય કહેતાં-લખતાં અટકે

છે કેમ ? (૩/૧૯) (૫) રઘુવીરજી મહારાજ ગાદી ઉપર ચંપાના ત્રણ ફૂલ મૂકીને બોલ્યા જે, 'કેટલાક તો આ ફૂલ સુધી પૂગે છે ને કેટલાક તો આ ફૂલ સુધી પૂગે છે, પણ આ ફૂલ સુધી તો કોઈ પૂગતા જ નથી,' એમ મર્મમાં વાત કરી. પછી સ્વામીએ ત્રીજું ફૂલ હતું તે અચિંત્યાનંદ બ્રહ્મચારીને દીધું. (૩/૧૯)

**('બ્રહ્મસ્વરૂપ પ્રાગજીભક્ત' વિસ્તૃત જીવનચરિત્ર નવમી આવૃત્તિ જૂન ૨૦૦૮ના આધારે)**

**નોંધ :(૧) અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. મુદ્દાની સામે આપેલા અંક ગ્રંથના પાના નંબર દર્શાવે છે.**
**(૨) નીચે આપેલાં પ્રસંગો અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ પ્રસંગો માન્ય ગણવા તે સિવાયના માન્ય ન ગણવા.**

**પ્ર.૭ નીચે આપેલાં વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

**☞ નોંધ : વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં ઉલ્લેખ કર્યો હોય તેવા ઓછામાં ઓછા દસ પ્રસંગો જરૂરી છે.**

**૧. ગુણાતીતાનંદ સ્વામીના સમાગમ માટે ભગતજી મહારાજની મુમુક્ષુતા :**

| | | |
|---|---|---|
| ૧. | જૂનાગઢ પ્રતિ પ્રયાણ. ગોપાળાનંદ સ્વામીના વિરહનું દુઃખ હળવું. | ૨૧ |
| ૨. | આ સાધુ તો મહાપ્રતાપી છે. લૂંટવા જેવા છે - મહુવાના હરિભક્તોને પત્ર. | ૨૨ |
| ૩. | વરતાલ છાવણીમાં સ્વામીએ કરેલી વાતો બાપુ રતનજીને ભગતજી મહારાજ કરતા. | ૨૭-૨૮ |
| ૪. | એ જ્ઞાન મને આપો. | ૩૧ |
| ૫. | નિર્વાસનિક ભક્તનાં લક્ષણ : પ્રાગજી ભક્તમાં. | ૪૦ |
| ૬. | મુમુક્ષુ સાધકોને દિશાસૂચક ચરિત્ર - સંકલ્પ મટાડવા મંદવાડ માંગ્યો. | ૪૨-૪૩ |
| ૭. | ભગતજીએ માગેલા ત્રણ વરદાન. | ૪૬ |
| ૮. | અનુવૃત્તિ એ જ ભક્તિ. | ૫૦ થી ૫૨ |
| ૯. | યોગીની પરાકાષ્ઠા. | ૫૩ |
| ૧૦. | મારે એના અંતરમાં અજવાળું કરવું પડશે - ફાળિયું ફાડીને ચેતવેલો દીવો. | ૫૭ |
| ૧૧. | મોટાની મરજી ન જાણનારા જીવ કેવળ ચામડિયા છે. | ૫૯ |
| ૧૨. | સત્પુરુષની આજ્ઞા પ્રમાણે જે વર્તે છે તે જ આત્મસત્તારૂપે વર્તે છે - એંઠવાડની કૂંડીમાં અડસઠ તીર્થનો મહિમા. | ૬૦ |
| ૧૩. | સાધુનો કસબ શિખવાડો. | ૬૬ થી ૭૧ |
| ૧૪. | થોરે કેળાં પાક્યાં છે. | ૭૪ |
| ૧૫. | ગુણાતીત ઊઠો. | ૮૨ |
| ૧૬. | હાથ છૂટી બલા થઈ ગઈ. | ૮૮ |
| ૧૭. | સ્વામીની ગોદડીમાંથી અનંત સૂર્યનું તેજ નીકળે છે. | ૯૯ |
| ૧૮. | સ્વામીનાં દર્શન અને સમાગમની તાણ એટલે સમાધાન કરવાને બહાને સ્વામી જ્યાં હોય ત્યાં જ્યાં સદ્‌ગુરુ સંતોને પાછા લેવા પ્રાર્થના કરે. | ૧૪૬-૧૪૭ |

**૨. વાંસદાના દીવાનને કરેલો ઉપદેશ.**

| | | |
|---|---|---|
| ૧. | શુષ્કજ્ઞાની દિવાનજીનો પ્રશ્ન 'જીવને બ્રહ્મને વિષે સ્વામી-સેવકપણું શી રીતે રહે છે ? | ૩૩૩ |
| ૨. | જીવ અને બ્રહ્મના ભેદનું વિસ્તારથી નિરૂપણ - એક જીવના મોક્ષે કરી બધા જીવનો મોક્ષ થવો જોઈએ. તે થતો નથી. માયા પર જે નિર્ગુણ બ્રહ્મ તેને પણ જન્મ-મરણ ઠરે. આવી શુષ્ક વેદાંતની સમજણ ખોટી છે. | ૩૩૩ |
| ૩. | અનાદિ અજ્ઞાન તે કેમ છૂટે અને છૂટે તો અનાદિ કેમ કહેવાય ? | ૩૩૪ |
| ૪. | કારિયાણી-૧૨, આમલીના કચૂકાના છોડાના દૃષ્ટાંતે જીવ અનાદિબદ્ધ છે, અજ્ઞાનવેષ્ટિત છે. ભગવાન કે સંતના સંબંધે કરીને અજ્ઞાન ટળે છે. એટલે સ્વામી-સેવકભાવ બ્રહ્મ સાથે રહે છે. | ૩૩૪ |

૫. ગ.પ્ર. ૩૮ પ્રમાણે ‘જીવને થયેલો અતિશય દેહાધ્યાસ તે સત્પુરુષના સંબંધે કરીને ટળે છે.’ ૩૩૫
૬. ગ.પ્ર. ૩૯ પ્રમાણે દેહાદિકના ભાવ હોય ત્યાં સુધી મમત્વરૂપી અજ્ઞાન પણ સાચું હોય. ‘મેરુ પર્વતથી લોકાલોક પર્વતની દૃષ્ટાંતે નિર્વિકલ્પ સમાધિવાળા જે મહામુક્ત તે જે તે જીવ, ઈશ્વર અને માયા તેને એકરૂપે કરીને જ દેખે છે. પણ પૃથક પૃથક નથી દેખતા. ૩૩૫
૭. જીવ, ઈશ્વર અને માયા તે સ્થિતિના ભેદ છે. નિર્વિકલ્પ સ્થિતિવાળાને મતે તે ખોટા છે. સવિકલ્પ સ્થિતિવાળાને મતે સાચા છે.
૮. સવિકલ્પ અને નિર્વિકલ્પવાળાની વ્યાખ્યા. ૩૩૫
૯. ઈયળ-ભમરીના દૃષ્ટાંતે મુક્ત પણ સત્પુરુષના સંબંધે કરીને બ્રહ્મરૂપ થઈ જાય છે. ૩૩૬
૧૦. નિર્વિકલ્પ સ્થિતિએ કરીને અખંડ મૂર્તિના સુખે સુખિયા થવું. ગ.પ્ર. ૪૦ ૩૩૬
૧૧. ગ.પ્ર. ૪૧માં આવતી શ્રુતિ એકોઽહં બહુસ્યાં પ્રજાયેય ના અર્થની સમજૂતી. ૩૩૬-૩૩૭
૧૨. ‘ખરેખરો જે ભગવાનનો નિષ્કામ ભક્ત છે, એ ચતુર્ધા મુક્તિને ન ઈચ્છે ને કેવળ ભગવાનની સેવાને જ ઈચ્છે છે.’ ગ.પ્ર. ૪૩. એવા ભક્તને ભગવાન પોતાની સેવામાં રાખે છે. ૩૩૭
૧૩. ગ.પ્ર. ૪૪ થી ગ.પ્ર. ૫૦ સુધીના વચનામૃત વંચાવીને બ્રહ્મનિરૂપણ કર્યું. ૩૩૭
૧૪. જીવ, ઈશ્વર, માયા આદિક સર્વે મિથ્યા છે અને વિધિ-નિષેધને ખોટા કહે છે. એ સર્વે મિથ્યાજ્ઞાની છે. ગ.પ્ર. ૪૨ ખરા જ્ઞાની જે હોય તેને મતે બ્રહ્મ અને પરબ્રહ્મ બે ભેદ રહે છે. બીજા ભેદ ટળી જાય છે. જ્યારે સવિકલ્પ સ્થિતિવાળાને ભેદ રહે છે. એટલે જીવ, ઈશ્વર, માયા એ ભેદ અનાદિના છે. ૩૩૭
૧૫. ઉપાસના વિના કોઈ વાત સિદ્ધ થતી નથી. ૩૩૭ થી ૩૪૦
૧૬. જેને માથે શત્રુ હોય, તેને ઊંઘ આવે નહીં. ૩૪૦-૩૪૧
૧૭. મનુષ્યરૂપ ભગવાનનું સ્વરૂપ નિર્ગુણ કેવી રીતે ? ૩૪૧ થી ૩૪૩
૧૮. બ્રહ્મ અને પરબ્રહ્મમાં શો ભેદ ? ૩૪૩ થી ૩૪૯
૧૯. ધર્મ દૃઢ થાય ત્યારે જ્ઞાન ટકે. ૩૪૯ થી ૩૫૦
૨૦. પોતાના સ્વરૂપનો અને પરમાત્માના સ્વરૂપનો વિચાર કેમ કરવો ? ૩૫૧ થી ૩૫૨
૨૧. આ ડોસો પણ મહારાજ સાથે તમને દેખાશે. ૩૫૨

**૩. ભગતજી મહારાજના સંતો - હરિભક્તો**

**ભગતજી મહારાજના સંતો : સ્વામી વિજ્ઞાનદાસજી :**

૧. પૂવાશ્રમમાં સત્પુરુષની શોધ. હરિકૃષ્ણ મહારાજે કરાવેલી ભગતજીની ઓળખ - સમાગમ - અદ્‌ભૂતાનંદ સ્વામી પાસે દીક્ષા - વિજ્ઞાનદાસજી નામ. ૧૬૩-૧૭૦
૨. ભગતજીની આજ્ઞાથી સંસ્કૃત ભણ્યા - નિઃસ્વાદી વર્તમાન - ચોવીસ કલાકે જમ્યા બાદ પાણી પીતા - શ્વાસોચ્છ્‌વાસે ભજનનો આગ્રહ અને વૈરાગ્યની પરિસીમા - કદરજના જેવું જીવન. ૧૮૩
૩. ગુજરાતથી ગઢડા ખરા વરસાદમાં ચાલીને પાણી ડોળી સાઠ ગાઉ દૂરથી ભગતજીનો સમાગમ કરવા કરેલો દાખડો. ૨૦૧
૪. દેહભાન ભૂલીને ઊઘાડે શરીરે ભગતજીના દર્શને બોરીયાવી સ્ટેશને. ૨૦૭
૫. ભગતજીને વિજ્ઞાનદાસજીની પ્રાર્થના :- આપના વિના રહેવાતું નથી. અમારા પ્રાણ છૂટા પડીને આપનામાં મળી જશે. ૨૨૯
૬. ‘અહો, આ તો સાક્ષાત્ શુકજી જેવા છે.’ કહીને ભગતજીને મળ્યાં. ૨૩૦
૭. ભગતજીના મહિમાની વાતો કરવાથી ધોળાં પહેર્યાં. ૨૪૧
૮. મહિમાની મૂર્તિ અને ભગતજીના સ્વરૂપના ભાવને પામી ગયેલા વિજ્ઞાનદાસને ભગતજી વારંવાર સંભારતા. ૨૯૬
૯. ખાનદેશમાં ખૂબ સત્સંગ કરાવેલો. ૩૧૩ થી ૩૧૬

**નારાયણચરણદાસ સ્વામી :-**

૧. સંવત ૧૯૪૦ના વરતાલમાં થયેલા ચૈત્રી સમૈયામાં ભગતજીના સ્વરૂપનો નિશ્ચય થઈ ગયો. ૧૯૬-૧૯૭
૨. ભગતજીના સંતોને ધોળા પહેરાવ્યા અને બહાર કાઢ્યા ત્યારે તેઓ પણ તે સંતો સાથે હતા. ૨૪૧-૨૪૨
૩. ગ. પ્ર. ૨૭ પ્રમાણેના લક્ષણવાળા ભગતજી છે તેમ જાણતા. ૨૪૮
૪. ભાદ્રોડમાં છાણાં વીણી ચારથી પાંચ મણનો ભાર ઊંચકી લાવતા. ૨૭૧-૨૭૨

**પુરુષોત્તમદાસ સ્વામી :-**

૧. સુરતમાં યજ્ઞપુરુષદાસજીની વાતોથી ભગતજીને વિષે સર્વોપરી સત્પુરુષનો નિશ્ચય થયો હતો. ૧૯૬
૨. ધોળાં પહેરી સત્સંગ બહાર થયા. ૨૪૨
૩. કેવળ સાધુતાની મૂર્તિ...... સ્વભાવથી કોઈને અવળું પડે જ નહિ. ૨૫૬
૪. ધ્યાનમાં દોષ દર્શન - ભગતજીને પ્રાર્થના. ૨૫૬
૫. ભગતજી આગળ સારંગપુર-૭ વચ. કંઠ બોલીને રાજી કર્યા. ૨૬૦
૬. મરડાનો રોગ મૂકી, ગોળી આપી, ઘાટ બંધ કરાવી દીધા. ૩૫૪

**મહાપુરુષદાસ સ્વામી :-**

૧. ગુણાતીતાનંદ સ્વામીના દિવ્ય સ્વરૂપે દર્શન. ૨૯
૨. કેડિયું સિવડાવવા ભગતજીના પ્રસંગમાં. ૧૭૦
૩. 'મને તો અંતરનું કેડિયું પણ સિવતાં આવડે છે.' - ભગતજીમાં થયેલી પ્રતીતિ. ૧૭૧
૪. ભગતજીની આજ્ઞાથી કોઠારી ગોરધનભાઈની માગેલી માફી - ત્યાગીની દીક્ષા - મહાપુરુષદાસ નામ ધારણ કર્યું. ૧૯૦
૫. 'એકાંતિક ધર્મ'નો ભગતજી થકી થયેલો નિશ્ચય. ૧૯૧
૬. ભગતજીનો ધક્કો વાગ્યો - મોટા ભાગ્ય - દોષો દૂર થઈ ગયા. ૨૩૦
૭. ભગતજીનો મહિમા વધતાં - મહાપુરુષદાસને ધોળા પહેરાવ્યાં. વિના વિરોધે ધોળા પહેરી લીધાં. ૨૪૧
૮. મહુવામાં ફૂલચંદભાઈના પ્રશ્નનો બેચર ભગતે આપેલો જવાબ. ૨૪૮
૯. 'મૂળા ખાય છે તેનો પણ ઓડકાર આવે છે. ભગતજીની વાત આપની આજ્ઞાથી નહિ કરીએ તો પણ આવી જશે.' કોઠારી બેચર ભગત. ૨૬૧

**યજ્ઞપુરુષદાસ શાસ્ત્રી (શાસ્ત્રીજી મહારાજ) :-**

૧. જ્ઞાનીને તો અનંત લોચન હોય છે. ૧૯૨
૨. તમે આ વાત સાંભળી છે તો તે સાચી છે અને જીવમાં એ પ્રમાણે સમજી રાખશો. વિજ્ઞાનાનંદ સ્વામી થકી નિશ્ચય. ૧૯૪
૩. નીડર અને સત્યવક્તા :- ટાંકુ અભડાવ્યાની વાત ખોટી છે. ૧૯૫
૪. 'તમે જેમ રાજી થાઓ તેમ કરવું છે.' - રામરતનદાસને જોડ આપવાની વાત - ચરણારવિંદના પાડનારા શ્રીજીમહારાજ હું એને આપીશ - ભગતજી મહારાજ. ૧૯૭
૫. 'આ પ્રાગજી ભક્તમાં તમે શું દીઠું છે.' - મહુવાના હરિભક્તોને સમજાવ્યું. ૨૪૮ થી ૨૫૧
૬. તલગાજરડા ગામના પટેલ ભગતજીનો ગુણ આવે એવી વાત કરી ભગતજીનો મહિમા સમજાવ્યો. ૨૭૫
૭. ભગતજીને ચંદન અર્ચા કરી મળ્યા. ૨૮૧
૮. ભગતજીને સાકરની પૂરણપોળી અને દૂધપાક જાતે બનાવી જમાડ્યા. ૨૮૯
૯. યજ્ઞપુરુષદાસ ઠાકરિયો વીંછી. ૨૯૭
૧૦. વિદ્યાગુરુ રંગાચાર્યને ભગતજીનો મહિમા સમજાવ્યો. ૩૦૬
૧૧. ભગતજીનું જીવનચરિત્ર સંવત ૧૯૨૦ની સાલ સુધીનું લખ્યું. ૩૧૨
૧૨. વાંસદાના દીવાનને ભગતજીનો મહિમા સમજાવ્યો. ૩૧૬

૧૩. શંકરાચાર્યને શાસ્ત્રાર્થમાં હરાવનાર કૃષ્ણસ્વરૂપદાસજી સાધુને ‘આજે સર્વપ્રકારે શ્રીજીમહારાજ ભગતજી દ્વારા પ્રગટ છે. માટે એમનો જોગ કલ્યાણને માટે કરવો.’ - એવું સમજાવ્યું. ૩૬૪

૧૪. કૃષ્ણસ્વરૂપદાસના ઉદ્‌ગારો ‘ભગતજી ઉપાસનાને દૃઢ કરાવે છે.’ ૩૬૫

૧૫. મહેમદાવાદના હરિભક્તોને અમદાવાદ ભગતજીનો સમાગમ કરવા મોકલતા અને પાછા ફરે ત્યારે ભગતજીના લીલાચરિત્રો સાંભળવા તત્પરતા રાખે. ૩૬૭

૧૬. શ્રીમન્નિર્ગુણમૂર્તયે....... ભગતજીના ગુણાનુવાદના શ્લોકની રચના કરી. ૩૭૭

૧૭. અમદાવાદમાં પ્રસંગમજરં....... શ્લોક પર સભામાં મુદ્દાની વાત કરી. ૩૮૦

૧૮. આચાર્ય મહારાજની આજ્ઞાથી ધર્મસ્ત્યાજ્યો ન..... શ્લોકમાંથી સત્સંગી જીવનના સિદ્ધાંતની વાત કરી. ૩૮૨

૧૯. ‘યજ્ઞપુરુષદાસ તો હરિભક્તોનાં અંતર ચોખ્ખા કરવાની સાવરણી છે.’ - ભગતજી ૪૪૬

૨૦. ‘જ્યાં અપમાન ત્યાં સન્માન’ - ભગતજીને જૂનાગઢ આવવાનો આચાર્ય મહારાજનો આજ્ઞાપત્ર. ૪૫૮

૨૧. ‘તમોને જેમ સુખિયા રહેતાં આવડે છે તેમ બીજા સર્વેને સુખિયા કરશો એટલે સર્વે થઈ રહ્યું.’ - ભગતજીએ કરેલી આજ્ઞા. ૫૨૯

૨૨. ધામમાં ગયા પછી ભગતજીના રાજકોટમાં દર્શન અને યજ્ઞપુરુષદાસમાં અખંડ પ્રાગટ્યનો સંકેત આપ્યો. સત્પુરુષ પૃથ્વી ઉપરથી કદી જતા નથી. ૫૪૧

**ભગતજી મહારાજના હરિભક્તો**

૧. ‘સુખ-શાંતિ કરી દીધા પછી હવે તમે જાઓ છો તે ઠીક કરતા નથી’ પિતાનું કારજ કરી પાછા જૂનાગઢ જતાં ભગતજીને મહુવાના હરિભક્તો- ભગતજીને વિષે ઘણાને સ્વામીના સ્વરૂપની પ્રતીતિ ૮૬, ૮૭

૨. મેવાસાના હરિભક્તો, ત્રિકમદાસ કોઠારી, વંથળીના દેવજીભાઈ ૯૬થી૯૯

૩. લાધા ભગતનો ભાર સૌના મનમાંથી નીકળી ગયો. ૧૭૪

૪. ત્રણ વર્ષનો ચડેલો ધર્માદો એક સામટો ભગતજીની આજ્ઞાથી નડિયાદના હરિભક્તોએ આપી દીધો. ૨૧૩

૫. ૧૫૦ થી ૨૦૦ હરિભક્તોને પ્રાયશ્ચિત આપ્યાં. ૨૧૪

૬. પેટલાદના રાવ સાહેબ. ૨૩૦થી ૨૩૨

૭. ભગતજી તો કલ્પવૃક્ષ છે. ૩૦૧

૮. નારાયણભાઈએ દ્વારિકાની યાત્રાનો સંકલ્પ પડતો મૂક્યો. ૩૦૬

૯. વાંસદાના દિવાન. ૩૩૦થી૩૫૨

**પ્ર.૮ નીચે આપેલાં વિષયોમાંથી કોઈ પણ બે ઉપર મુદ્દાસર નોંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

> ☞ **નોંધ : જે પ્રશ્નમાં વધારે પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં પ્રસંગના ઉલ્લેખ સાથે પાંચ પ્રસંગો આપવા જરૂરી છે.**

**૧. ભગતજી મહારાજનો સંપ્રદાયની મહાન વ્યક્તિઓ પર પ્રભાવ :**

૧. બાળપણથી જ ગોપાળાનંદ સ્વામી અને યોગાનંદ સ્વામીને પ્રભાવિત કર્યા હતા. ૧૪

૨. વરતાલના કોઠારી ગોવર્ધનભાઈના ભત્રીજા ગિરધરભાઈ પર ભગતજીનો પ્રભાવ - ભગતજીની બ્રહ્મસ્થિતિ જોઈને પોતે ત્યાગાશ્રમ સ્વીકાર્યો. ૧૬૧ થી ૧૬૮

૩. કોઠારી બેચર ભગત ભગતજીના યોગમાં - માપ લીધા વિના કેડિયું સીવ્યું - દેહનું નહિ ૧૬૮ થી ૧૭૦ અંતરનું કેડિયું સીવતાં આવડે છે. - ભગતજી સાચા એકાંતિક સંત છે તેવી નિષ્ઠા - વરતાલમાં બેચર ભગતનું માન ખંડન ભગતજીની નિર્માની થવાની આજ્ઞા - તેમના વચને સાધુ મહાપુરુષદાસ. ૧૮૭ થી૧૯૦

૪. પવિત્રાનંદજીને ભગતજીએ વચ. પં. ૩ વંચાવી શાંતિ પમાડી - જેના દ્વારા અપમાન તેના પર જ ખૂબ પ્રભાવ. ૧૭૩ થી ૧૭૮

૫. નડિયાદમાં અવતાર-અવતારી સંબંધી પ્રશ્નના નિરૂપણ માટે ભૂમાનંદ સ્વામીએ પ્રાગજી ભક્તને બોલાવ્યા. ૧૭૯

૬. ગિરધરભાઈ જ્યારે ભગતજીના રંગે રંગાયા ત્યારે ગોવર્ધનભાઈ પણ ભગતજીનો વિશેષ પ્રભાવ પડ્યો. ૧૬૪,૧૬૮

૭. યજ્ઞપુરુષદાસજી પર ભગતજીનો પ્રભાવ. ૧૯૧ થી ૧૯૮

## ૨. ભગતજી મહારાજે પવિત્રાનંદ સ્વામીને પમાડેલી શાંતિ

૧. ભગતજીની અજાતશત્રુતાની પવિત્રાનંદ સ્વામીએ કરેલી કબૂલાત - મહુવામાં રાત્રે પહેરો ભરતા પાળાઓની આગળ. ૧૪૦

૨. પવિત્રાનંદ સ્વામી સાથે બોચાસણ, ઉમરેઠ વગેરે ગામોમાં ભગતજીનું વિચરણ. દરેક જગ્યાએ સ્વામી સભામાં તેમની પાસે વાતો કરાવે, પ્રશ્નો પૂછે. ૧૬૩

૩. આણંદમાં પવિત્રાનંદ સ્વામીનું અપમાન-ભગતજીએ વચનામૃત પંચાળા-૩ પ્રમાણે કરેલું સમાધાન. ૧૭૬ થી ૧૭૯

૪. 'આવું સબીજ જ્ઞાન તો કોઈ સારા અધિકારી પાત્રને આપજે.' પવિત્રાનંદ સ્વામી ભગતજીને. ૧૭૯-૧૮૦

## ૩. મહુવા મંદિરમાં શાસ્ત્રીજીમહારાજે કહેલો ગુરુમહિમા

૧. મહુવા મંદિરમાં સભા પ્રસંગે સર્વે હરિભક્તો વતી ફૂલચંદભાઈનો બેચર ભગતને પ્રશ્ન. **તમે આ પ્રાગજી ભગતને કેવા સમજો છો ? અને તેમાં શું દીઠું છે ?** તે અમને કહો. - નારાયણચરણદાસે આપેલો જવાબ. ગ.પ્ર. ૨૭ માં આપેલા સત્પુરુષના લક્ષણવાળા ભગતજીને અમે જાણીએ છીએ. - વિઠ્ઠલભાઈનો પ્રશ્ન : ગ.પ્ર. ૨૭ ના વચનામૃતમાં શું કહ્યું છે તે સમજાવો. - ભગતજીની આજ્ઞા નાના સાધુ યજ્ઞપુરુષદાસ એ બધાનું કપટ જેવું છે તેવું કહેશે. માટે તેમને પૂછો - ગ.પ્ર. ૨૭માં જણાવેલા લક્ષણ : (૧) પ્રત્યક્ષ ભગવાનને સર્વોપરી, કર્તા, સાકાર અને પ્રગટ જાણીને સર્વે પ્રકારે તેમાં જોડાઈ જાય. **પ્રત્યક્ષ ભગવાનને વિષે દૃઢ નિષ્ઠા.** ૨૪૮, ૨૪૯

૬. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ અને સમર્થ થકા ઝરણાં કરવાં. તે સર્વે લક્ષણ પ્રાગજી ભગતમાં છે. ૨૪૯-૨૫૦
  (૧) ધર્મ :- ભગતજી દેવાંગના જેવી સ્ત્રીઓના કપડાં સીવે છતાં વિકારને પામ્યા નથી. ૨૫૦
  (૨) જ્ઞાન :- આખો સત્સંગ કહે છે જ્ઞાનની દૃઢતાથી અપમાન લેશમાત્ર જણાતું નથી. ૨૫૦
  (૩) વૈરાગ્ય :- આચાર્ય મહારાજ આજ્ઞા આપતાં તરત જ નીકળી જાય છે. ઘરમાં મહેમાનની પેઠે રહે છે. ૨૫૦
  (૪) નિશ્ચય :- શ્રીજીમહારાજમાં ભગતજીને નિશ્ચય છે કે નહિ. સાબિત કરવાનું વિઠ્ઠલભાઈ પર નાખ્યું. ૨૫૧
  (૫) વિઠ્ઠલભાઈએ ભગતજીના નિશ્ચયનું કરેલું નિરૂપણ. ૨૫૧

૭. રઘુવીરચરણદાસની શંકા અને સ્વામી યજ્ઞપુરુષદાસે કરેલું સમાધાન. ૨૫૧

૮. વિઠ્ઠલભાઈનો સ્વામીને પ્રશ્ન - ભગતજીને મોટા જાણો છો તો વરતાલ શા માટે જાઓ છો ? સ્વામીનું સમાધાન.-વિઠ્ઠલભાઈનો પ્રશ્ન - ભગતજી સમ ખાય છે તે સાચો કે તે પંડે કહે છે કે જમે આવીને મને માર્યો તેનું કેમ સમજવું - સ્વામીનો જવાબ : દંભી ને કપટી નથી. ચરિત્રો મોહ પમાડે છે.- વિઠ્ઠલભાઈનો પ્રશ્ન : ભગતજી મોટા અને સમદૃષ્ટિવાળાં હોવા છતાં તમારાં મન સત્સંગમાંથી નોખાં કેમ પડે છે. સ્વામી આપેલાં કારણો - વિઠ્ઠલભાઈએ કરેલી પોતાના અનુભવની વાતો : સિદ્ધાનંદ સ્વામીની - ગઢડાના સાધુને આટલી વાત સાંભળ્યા છતાં અસંતોષ. - સ્વામીનો જવાબ : ગ.અં.૨૧. સોનાના દોરા પ્રમાણેનું ભગતજીનું જીવન. વિઠ્ઠલભાઈએ પૂરેલી સાખ - રઘુવીરચરણદાસની શંકા 'વાંક વગર કોઈનું અપમાન સત્સંગમાં થાય નહિ.' સ્વામીશ્રીનો જવાબ (૧) ગોપાળાનંદ સ્વામીની ઝોળીમાં દેવતા (૨) વચ. અં. ૧૧ જાનકીજીની સમજણની વાત. (૩) અં. ૧૪ : 'વાંક વિના પણ.....તો સુખ જ વર્તે છે.' ૨૫૧ થી ૨૫૫

## ૪. વિજ્ઞાનદાસ સ્વામીનું ભગતજી મહારાજમાં જોડાણ

૧. સંવત ૧૯૨૮ માં ભગતજી વરતાલમાં - ગિરધરભાઈને ભગતજીનો યોગ. ૧૬૩

૨. બ્રહ્મસ્થિતિવાળા સદ્‌ગુરુ મળે તો તેમની પાસે રહી બ્રહ્મસ્થિતિ પ્રાપ્ત કરવાની ઈચ્છા - પોતે ઉત્તમ મુમુક્ષુ. ૧૬૪

૩. આવા સદ્‌ગુરુની શોધમાં જુદા જુદા દેશમાં વિચરણ - જુદા જુદા સદ્‌ગુરુ પાસે રહ્યા પણ શાંતિ ન થઈ - પાછા વરતાલમાં - છેવટે હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પાસે એક પગે ઊભા રહી માળા ફેરવવાની શરૂઆત મહારાજનાં દર્શન - સ્તુતિ કરી - 'બ્રહ્મસ્થિતિ પ્રાપ્ત કરાવે તેવા સત્પુરુષ પ્રાગજી ભક્ત છે. તેમને સેવવાની આજ્ઞા કરી - મહારાજ અંતર્ધાન - ગિરધરભાઈને આશ્ચર્ય - પ્રતિતી ન આવી - વિશ્વાસ ન આવ્યો - સંકલ્પ વિકલ્પ થવા લાગ્યા - ફરીથી તેવું જ તપ. ફરીથી મહારાજના દર્શન - વર્ણનું માન મૂકીને તેમને શરણે જવાની આજ્ઞા - ભગતજીના યોગમાં - પ્ર. ૨૭ પ્રમાણે નિરૂપણ - ગિરધરભાઈને પરિપૂર્ણ નિષ્ઠા - અખંડ ભગતજીનો સમાગમ - પરિપૂર્ણ નિષ્ઠા - દિક્ષા અપાવી સાધુ કર્યા - વિજ્ઞાનદાસજી નામ ધારણ કર્યું. - બ્રહ્મ સ્થિતિ પ્રાપ્ત કરવા ભગતજીની આજ્ઞામાં જોડાઈ ગયા. ૧૬૬ થી ૧૭૦